## રાજ્યમાં વધુ ૬૨૬ નવા કેસ : અમદાવાદમાં ૨૨૨ : ગાંધીનગરમાં ૦૬

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૧૧ | ૩૦ જુન, ૨૦૨૦, મંગળવાર; અષાઢ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## આર્થિક મોરચે ચીન સામે યુદ્ધ

# ૫૯ ચીની એપ પર પ્રતિબંધ




### ચીનનો વિરોધ કરવા સરકારનો મોટો નિર્ણય : ભારતીય સુરક્ષા એજન્સીઓએ ચાઈનીઝ એપની એક યાદી તૈયાર કરી કેન્દ્રને તેના પર પ્રતિબંધ માટે અપીલ કરી હતી

નવીદિલ્હી, તા. ૨૯

ભારત અને ચીન વચ્ચે તણાવને લઈને કેન્દ્ર સરકારે મોટો નિર્ણય કર્યો છે. સરકારે ૫૯ ચાઈનીઝ એપ પર રોક લગાવવાનો નિર્ણય કર્યો છે. પ્રતિબંધિત કરાયેલી એપમાં ખુબ જ જાણિતી ટિકટોક એપનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત યુઝી બ્રાઉઝર, કેમ સ્કેનર જેવી અનેક જાણિતી એપો સામેલ છે.

આ અગાઉ ભારતીય સુરક્ષા એજન્સીઓએ ચાઈનીઝ એપની એક યાદી તૈયાર કરીને કેન્દ્ર સરકારને એ તમામને પ્રતિબંધિત કરવા તથા લોકોને આ એપ હટાવી દેવા અપીલ કરી હતી. આની પાછળ એવી દલીલ અપાઈ હતી કે, ચીન આના થકી ભારતીય ડેટા હેક કરી શકે છે.

આ દરમિયાન મોટુ પગલું લઈને સ્પષ્ટ કરી દેવાયું છે કે, ભારત કોઈપણ સ્તરે ઝુકશે નહીં. કેન્દ્ર સરકારે ૫૯ એપ ઉપર પ્રતિબંધ લગાવી દીધો છે. એમાની કેટલીક એપ એવી છે કે, જે તમને મોબાઈલમાં આસાનીથી મળી જાય છે. સુત્રો દ્વારા મળેલી માહિતી મુજબ પ્રૌદ્યોગિકી મંત્રાલયે અનેક ફરિયાદો મળી રહી હતી. આ એપ્સ ભારતીય સુરક્ષા અને અખંડિતતા પર ઘાતક હુમલો કરી રહી હતી. ચીન આ એપની મદદથી ભારતની એકતા સામે છેડછાટ કરી શકે તેમ હતું. ભારતીય ગુપ્તચર એજન્સીઓએ સરકારને આ એપની યાદી અગાઉથી સોંપી દીધી હતી. તે પછી સરકારે તેના સ્તર પર આ એપની માહિતી મેળવી અને જ્યારે તેને લાગ્યું કે ખરેખર આ એપ ભારતીય સુરક્ષા માટે ખતરા સમાન છે ત્યારે તેણે તેના પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય કર્યો હતો.

ભારત સરકારના આ કઠોર પગલાને સમગ્ર દેશમાં વ્યાપક આવકાર મળી રહ્યો છે. સાથે સાથે રાષ્ટ્રપ્રેમીઓએ સ્વયં એપને અનઈન્સોટલ કરવાનું પણ આરંભી દીધું હોવાનું જાણવા મળેલ છે.

## આજે પ્રધાનમંત્રી સાંજે ૪ વાગે રાષ્ટ્રજોગ સંબોધન કરશે

નવી દિલ્હી, તા.૨૯

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તા. ૩૦મી સાંજે ૪ વાગ્યે રાષ્ટ્રજોગ સંબોધન કરશે. જેમાં ચીન સામેના આર્થિક યુદ્ધની અને કોરોનાની વર્તમાન પરિસ્થિતિ અંગે છણાવટ કરશે એમ મનાય છે.

## અનલોક-૨ : શાળા-કૉલેજો સહિત સિનેમા હોલ અને જીમ ૩૧મી જુલાઈ સુધી બંધ

### આંતરરાષ્ટ્રીય વિમાની સેવા અને સામાજીક - ધાર્મિક મેળવડા પર પણ ૩૧મી જુલાઈ સુધી પ્રતિબંધ

નવી દિલ્હી, તા.૨૯

ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા મોડીસાંજે અનલોક-૨ની ગાઈડલાઈન જાહેર કરાઈ હતી. જેમાં મુખ્યત્વે દેશની શૈક્ષણિક સંસ્થાઓ શાળા અને કૉલેજો ૩૧મી જુલાઈ સુધી સંપૂર્ણ બંધ રાખવાની જાહેરાત કરાઈ છે.

મેટ્રો, સિનેમા હૉલ, જીમ, સ્વીમીંગ પુલ, થિયેટર્સ, બાર, સામાજીક અને ધાર્મિક મેળાવડાઓ પર પણ ૩૧મી જુલાઈ સુધી પ્રતિબંધ મુકાયો છે.

આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય વિમાની સેવાઓ પણ ૩૧મી જુલાઈ સુધી બંધ રહેશે. ખાસ કિસ્સામાં ગૃહ મંત્રાલય દ્વારા મંજુરી અપાયેલી જ વિમાની સેવા ચલાવી શકાશે. જ્યારે રાત્રિ કરફ્યુ રાત્રે ૧૦ થી સવારે ૫ વાગ્યા સુધી રહેશે. જે અગાઉ રાત્રે ૯થી સવારે ૫ સુધીનો હતો જેમાં ૧ કલાકની છૂટ અપાઈ છે.

## ભારત-ચીન તંગદિલી વચ્ચે કમાન્ડર સ્તરની આજે બેઠક

### આજે ૧૦.૩૦ કલાકે બેઠક : ત્રીજી વખત વાતચીત કરવામાં આવશે : ચીને પણ ડેપ્સાંગ મેદાનોમાં સૈન્ય તૈનાત વધાર્યું અને લશ્કરી સાધનો એકત્રિત કર્યા

નવી દિલ્હી, તા.૨૯

પૂર્વી લદાખમાં ઝ્હંક્ષ્નિકટ્યુઅલ કંટ્રોલ લાઈન પરના અંતરાયને સમાપ્ત કરવા માટે ભારત અને ચીની આર્મી (ભારત ચાઈના) વચ્ચે ફરી એકવાર કોર્પ્સ કમાન્ડર કક્ષાની બેઠક મળશે. સુત્રોના જણાવ્યા અનુસાર આ વખતે બેઠક ચૂષુલમાં યોજાશે. આ ભારત તરફ બનાવવામાં આવેલી બોર્ડર પર્સનલ મીટિંગ (બીપીએમ) પોઈન્ટ છે. ભારતીય બાજુ બેઠક યોજવાનો અર્થ

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૦૩૦૪૧૪૮ | ૫૦૫૫૬૭ | ૫૪૩૮૯ |
| ભારત | ૫૬૨૪૫૭ | ૧૬૭૯૭ | ૩૨૯૭૨૮ |
| ગુજરાત | ૩૨૦૨૩ | ૧૮૨૮ | ૨૩૨૪૮ |
| ગાંધીનગર | ૭૦૦ | ૩૮ | ૪૫૪ |

## દેશમાં કોરોનાના નવા ૧૯૪૫૯ કેસ

### દેશમાં કુલ સંક્રમિતોનો આંકડો ૫,૪૮,૩૧૮એ પહોંચ્યો, ૨૪ કલાકમાં ૩૮૦ના મોત : કુલ ૧૬૪૭૫ના મોત : ૨૪ કલાકમા ૧ લાખ ૭૦ હજાર ૫૬૦ ટેસ્ટ થયા : આઇસીએમઆર, રિકવરી રેટ ૫૮.૬૭ ટકા થયો

ન્યુ દિલ્હી,તા.૨૯

દેશમાં કોરોના મહામારી જાણે કે ભારતમાંથી જવાનું નામ ન લેતી હોય તેમ છેલ્લાં ૨૪ કલાકમાં એક જ દિવસમાં ૨૦ હજારની નજીક જેટલા કેસો નોંધાયા હતા. અને ૧ જુલાઈથી અનલોક-૨માં જ્યારે વધુ છૂટછાટ આપવામાં આવે તેમ છે ત્યારે તે પછી કોરોના ક્યાં જઈને ટકશે તેના વિવિધ અનુમાનો વચ્ચે સોમવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૫,૪૮,૩૧૮ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૧૯૪૫૯ નવા કેસ નોંધાયા છે. જે ૨૦ હજારની નજીક છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૩૮૦ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોનાને કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૧૬,૪૭૫ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે સોમવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના કુલ ૨,૧૦,૧૨૦ એક્ટિવ કેસ હતા.. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૦૧૦ લોકો સ્વસ્થ્ય થયા છે. ભારત દેશમાં સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં ચોથા ક્રમાંક પર છે.

કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા આજે સોમવારે સવારે પૂરા થયેલા છેલ્લાં ૨૪ કલાકમાં નોંધાયેલા કેસોની આંકડાકિય માહિતી જાહેર કરવામાં આવી હતી. દેશમાં અત્યાર સુધી ૫ લાખ ૪૯ હજાર ૧૯૭ કોરોના કેસ આવી ચુક્યા છે.મધ્યપ્રદેશ હવે સૌથી વધુ સંક્રમિત ૧૦ રાજ્યોમાંથી બહાર થયું છે. અહીંયા અત્યાર સુધી સંક્રમણના ૧૩૧૮૬ કેસ આવ્યા હતા. જેમાંથી ૧૦૦૮૪ દર્દી સાજા થયા છે, એટલે કે રિકવરી રેટ ૭૬%થઈ ગયો છે. હવે દસમા નંબરે કર્ણાટક છે. જો કે, હાલ બન્નેના આંકડામાં વધારે ફરક નથી. કર્ણાટકમાં અત્યાર સુધી ૧૩૧૯૦ કેસ આવ્યા છે.

## ગિલાનીનું હુર્રિયત કોન્ફરન્સમાંથી રાજીનામું

શ્રીનગર, તા. ૨૯

કાશ્મીરના અલગતાવાદી નેતા સૈયદ અલી શાહ ગિલાની એક ઓડિશો મેસેજ દ્વારા હુર્રિયત કોન્ફરન્સમાંથી રાજીનામું આપી દીધું છે. મેસેજમાં ગિલાનીએ જણાવ્યું છે કે, તેમણે તેમના નિર્ણય અંગે બધાને જાણ કરી દીધી છે. ગયા વર્ષે આર્ટિકલ-૩૭૦ને નાબૂદ કર્યા બાદથી જમ્મુ-કાશ્મીરમાં રાજકીય સ્થિતિ સતત બદલાઈ રહી છે. જમ્મુ-કાશ્મીરને બે કેન્દ્ર શાસિત પ્રદેશમાં વિભાજીત કર્યા બાદથી અલગતાવાદીઓમાં આ સૌથી મોટું રાજકીય ઘટનાક્રમ છે.

## પાકિસ્તાનમાં આતંકી હુમલો : ૧૧ મોત

### પાકના કરાંચી સ્ટોક એક્સચેન્જમાં આતંકી હુમલો : આંગણામાં પ્રવેશવા માટે પ્રવેશદ્વાર પર ગ્રેનેડ ફેંકી દીધા હતા : હુમલામાં એક પોલીસ ઈન્સ્પેક્ટર, ચાર ગાડર્સનાં મોત અન્ય ૭ લોકો ઘવાયા છે, ચારની સ્થિતિ ગંભીર છે : ગોળીબારમાં ૪ ત્રાસવાદીઓ પણ માર્યા ગયા



કરાચી, તા. ૨૯

સોમવારે સવારે ચાર ભારે સશસ્ત્ર આતંકવાદીઓએ પાકિસ્તાન સ્ટોક એક્સચેંજ પર હુમલો કર્યો હતો, જેમાં ચાર સુરક્ષા ગાર્ડ અને એક પોલીસ સબ ઈન્સ્પેક્ટરની હત્યા કરવામાં આવી હતી. મીડિયા અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે ગોળીબારમાં ચાર આતંકવાદીઓ પણ માર્યા ગયા છે. કારમાં આવેલા આતંકવાદીઓએ શહેરના ઉચ્ચ સુરક્ષા વ્યવસાયિક કેન્દ્રમાં આવેલી બહુમાળી બિલ્ડિંગમાં ઝલકવાનો પ્રયાસ કર્યો, તેના મુખ્ય દરવાજા પર અંધાધૂંધ ફાયરિંગ કરી અને ગ્રેનેડ ફેંકી દીધા. નાયબ પોલીસ અધિક્ષક (દક્ષિણ), જમીલ અહમદે કહ્યું કે મશીનગન, હેન્ડ ગ્રેનેડ અને અન્ય વિસ્ફોટકોથી સજ્જ આતંકવાદીઓએ પાર્કિંગથી લઈને પાકિસ્તાન સ્ટોક એક્સચેંજ (પીએસએક્સ) બિલ્ડિંગ તરફ જતા આંગણામાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો, પરંતુ કમ્પાઉન્ડમાં સુરક્ષા દળો ફક્ત તેમના હુમલોને નિષ્ફળ બનાવ્યો. "તેઓએ શરૂઆતમાં આંગણામાં પ્રવેશવા માટે પ્રવેશદ્વાર પર ગ્રેનેડ ફેંકી દીધા હતા અને ગોળીબાર કર્યો હતો, પરંતુ તેમાંથી એકને તરત જ માર્યો ગયો હતો અને તે પાછો ફર્યો હતો." સિંધ રેન્જર્સે જણાવ્યું હતું કે પોલીસ અને રેન્જર અધિકારીઓ ઘટના સ્થળે દોડી

● અનુસંધાન પાન-૭ પર

## કોરોનાની દવા શોધતા હજુ એક વર્ષનો સમય લાગશે : ડૉ.હર્ષવર્ધન

ન્યુ દિલ્હી,તા.૨૯

આખી દુનિયા હાલના સમયે કોરોનાની વેક્સિન શોધવામાં લાગી છે, ત્યારે ભારતમાં બાબા રામદેવે કોરોનાની દેસી દવા શોધી કાઢી છે. બાબાએ દેસી દવા કોરોનિલને માર્કેટમાં ઉતાર્યા બાદ વિવાદ થઇ ગયો હતો, હવે આ મામલે કેન્દ્રીય મંત્રી ડૉ.હર્ષવર્ધનનુ નિવેદન સામે આવ્યુ છે. તેમને કહ્યું કોરોનાની દવા શોધાતા હજુ એક વર્ષનો સમય લાગી જશે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ.હર્ષવર્ધને કહ્યું કે, કોરોનાની વેક્સિન શોધાતા હજુ એક વર્ષનો સમય લાગી જશે. ડૉ.હર્ષવર્ધન હાલ ડબલ્યૂએચઓમાં મહત્વની જવાબદારી નિભાવી રહ્યાં છે, એટલે તેમનુ આ નિવેદન હાલના સમયમાં ખુબ મહત્વનુ છે.

ડૉ.હર્ષવર્ધનએ કહ્યું લોકોએ ચિંતા કરવાની જરૂર નથી, કેમકે ભારત હાલ મજબૂત સ્થિતિમાં છે. કોરોના સંક્રમણની સામે સારી રીતે લડી રહ્યું છે. અમે ટેસ્ટિંગ વધાર્યુ છે, મૃત્યુ દર પણ ભારતમાં ઓછો છે, કોરોનાની દવા આગામી વર્ષ સુધીમાં આવી જશે.

## ઉતરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલને મધ્યપ્રદેશનો વધારાનો ચાર્જ સોંપાયો

ન્યુ દિલ્હી,તા.૨૯

મધ્ય પ્રદેશના રાજ્યપાલ લાલજી ટંડન હાલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. આથી તેમની ગેરહાજરીમાં ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલને ઉત્તર પ્રદેશનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

આ અંગે રાષ્ટ્રપતિ ભવન તરફથી રજૂ કરવામાં આવેલા નિવેદનમાં જણાવાયું છે કે, મધ્ય પ્રદેશના ગવર્નર લાલજી ટંડનની ગેરહાજરીમાં ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ તેમનું કામકાજ સંભાળશે.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને ઉત્તર પ્રદેશમાં યોગી સરકાર બનતા રાજયપાલ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે, બેન ગુજરાત ૨૦૧૪થી ૨૦૧૬ દરમ્યાન ગુજરાતના મુખ્યપ્રધાન હતી અને તે પછી મધ્ય પ્રદેશના રાજ્યપાલ તરીકે સેવા આપી હતી. જોકે ઉત્તર પ્રદેશમાં ભાજપ સત્તામાં આવવાના સાથે આનંદીબેન ઉત્તર પ્રદેશમાં રાજયપાલ તરીકે નિમણૂક કરવામાં આવ્યા હતા.

નોંધનીય છે કે, આનંદીબેન પટેલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિશ્વસનીય વ્યક્તિઓમાંના એક છે, અને જ્યારે કોઈ વિશેષ પરિસ્થિતિનો નિર્માણ થાય ત્યારે બેનને વિશેષ જવાબદારી સોંપવામાં આવે છે.

## રેલવે ૧ જુલાઈથી ૧૨ ઓગસ્ટ સુધી રદ થયેલી ટ્રેનોનું ભાડું પરત આપશે

ન્યુ દિલ્હી,તા.૨૯

ભારતીય રેલવે ૩૦ જૂન સુધી રદ થયેલી ટ્રેનોનું ભાડું પરત આપ્યા બાદ હવે ૧ જુલાઈથી ૧૨ ઓગસ્ટ સુધી રદ થયેલી ટ્રેનોનું ભાડું પરત આપશે. આ સાથે જુલાઇ મહિનામાં પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યા પછી વધુ સ્પેશિયલ યાત્રી ટ્રેનો ચાલુ કરવાનો નિર્ણય લઈ શકે છે.

રેલવે મંત્રાલય પ્રવક્તા ડી.જે. નરેને જણાવ્યું કે, રેલવે ભવિષ્યમાં પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરીને નિયમિત ટાઈમ ટેબલવાળી ટ્રેનો ચલાવવાનો નિર્ણય લેશે. ઉલ્લેખનીય છે કે, દેશભરમાં લોકડાઉન લાગુ થયા બાદ નિયમિત ચાલતી ટાઈમ ટેબલવાળી ટ્રેનો બંધ કરવામાં આવી હતી. બાદમાં ટ્રેનોમાં બુકિંગ પણ ૧૪ એપ્રિલથી બંધ કરવામાં આવ્યું હતું. રેલવેએ ૧ જૂલાઈથી ૧૨ ઓગસ્ટ સુધીની ટાઈમ ટેબલવાળી ટ્રેનોનું ભાડું પરત આપવાનું નક્કી કર્યું છે.

## અનંતનાગમાં ત્રણ આતંકી ઠાર

### અથડામણમાં હિઝબુલના કમાન્ડરનો સમાવેશ : ત્રાલ બાદ ડોડા જીલ્લો પણ આતંક મુક્ત

શ્રીનગર,તા.૨૯

દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના ખલચોરા રૂનીપોરા વિસ્તારમાં સુરક્ષાબળોએ એક મુઠભેડમાં ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. મોતને ભેટેલા ત્રણ આતંકવાદીની ઓળખ હાલ જાહેર કરવામાં આવી નથી. જમ્મૂ કાશ્મીર પોલીસ અને સુરક્ષાબળોએ સંયુક્ત ઓપરેશન કર્યું હતું. સૂત્રોના અનુસાર ઠાર મારેલા આતંકવાદીઓ પાસેથી એક એકે-૪૭ મળી આવી હતી. ૨ પિસ્તોલ પણ મળી આવી હતી. સુરક્ષાબળોનું આતંકવાદીઓ વિરુદ્ધ અભિયાન ચાલુ છે. જૂનના રોજ ૧૩ મુઠભેડમાં ૪૧ આતંકવાદી ઠાર માર્યા છે.

જમ્મૂ કાશ્મીર ના ડોડા જિલ્લો ફરી એકવાર આતંક મુક્ત થઈ ગયો છે. ડોડાના રહેવાસીઓ હિજબુલ કમાંડર મસૂદ સોમવારે સવારે અનંતનાગ જિલ્લામાં થયેલી મુઠભેડમાં ઠાર માર્યા હતા. તે ડોડા જિલ્લામાં જીવિત બચેલો છેલ્લો આતંકવાદી હતો. તેના સફાયા સાથે જ ડોડા જિલ્લામાં આતંકવાદી ખતમ થઈ ગયા છે. મસૂદની પાસેથી હથિયાર મળી આવ્યા હતા.

આ ઘાટીમાં આ ત્રણ આતંકવાદીના મોત સાથે અત્યાર સુધી આતંકવાદીઓની સત્તાવાર સંખ્યા ૧૧૬ થઈ ગઈ છે.